**DATE: 01/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# ભાડૂઆતની નોંધણી ન કરનાર 4 મકાન માલિક સામે ફરિયાદ

ભરૂચ । ભરૂચ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા શહેર જિલ્લામાં પોતાના મકાન ભાડેથી આપનારા મકાન માલિકો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જેમાં જે મકાન માલિકો દ્વારા કલેક્ટરના જાહેરનામા મુજબ તેમના ભાડૂઆતોની જે તે પોલીસ સ્ટેશનમાં નોંધણી કરાવવામાં નથી આવી તેમની સામે પગલાં ભરવામાં આવી રહ્યાં છે. જેના ભાગરૂપે એસઓજીની ટીમે ભરૂચના લાલબજાર વિસ્તારમાં ચેકિંગ દરમિયાન 4 મકાન માલિકો સામે ગુનો નોંધ્યો હતો.

**DATE: 02/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# કારમાં તલવાર લઈને ફરતો યુવાન ઝબ્બે

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકામાં આવેલાં દહેગામ ગામના બસ સ્ટેન્ડ પાસે તાલુકા પોલીસની ટીમ વાહન ચેકિંગ કરી રહી હતી. ટીમે એક કારની ડેકી ખોલવા કહેતાં ડ્રાઈવરે ડેકી ખોલતાં તેમાં લાલ કલરની મ્યાનમાં એક તલવાર મળી આવી હતી. જેથી ટીમે ડ્રાઈવરનું નામ પુછતાં તેનું નામ મોહમદ કાસીમ ઈકબાલ હુશેન માસ્તર ( હાલ રહે. બહારની ઉડાઈ, ભરૂચ, ) હોવાનું જણાવ્યું હતું. તેની સામે જાહેરનામાનો ભંગનો ગુનો દાખલ કરાયો છે.

**DATE: 02/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### 27 હજાર રોકડા મળી 42 હજારની મતા જપ્ત

# ભરૂચમાં બે સ્થળે ચાલતા જુગાર પર દરોડો, 8 ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ સી ડિવિઝન પોલીસે ભોલાવ જીઆઈડીસી વિસ્તારમાં આવેલાં મહાવિર સેફ્ટીના કંપાઉન્ડમાં જાહેરમાં કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી હોવાની ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડી જુગાર રમતાં પવન ચૌહાણ, પપ્પુ ચૌહાણ, રામતિવારી ચૌહાણ, જગ્ગુ ચૌહાણ તેમજ સુભાષ નામના પાંચ જુગારિયાઓને ઝડપી પાડ્યાં હતાં. ટીમે તેમની પાસેથી રોકડા રૂપિયા 6800 તેમજ 4 મોબાઈલ મળી કુલ 14,700નો મુદ્દામાલ જપ્ત કરી તેમની સામે જુગારધારા હેઠળ ગુનો નોંધ્યો હતો. જ્યારે બીજી ટીમે જૂના તવરા ગામે નવીનગરી પાસે બાવળની ઝાડીઓમાં જુગાર રમતાં રાકેશ વસાવા, અરવિંદ વસાવા તેમજ ઈરફાન શેખ નામના ત્રણ જુગારીયાને ઝડપી પાડી તેમની અંગઝડતીમાંથી તેમજ દાવપર લાગેલાં મળી કુલ 20 હજારથી વધુની રોકડ જપ્ત કરી છે.

**DATE: 02/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-07**

# અંકલેશ્વરમાં ભાડુઆતની વિગતો નહીં નોંધનારા દુકાન-મકાનમાલિક ભેરવાયા

## **પોલીસે** અધિક જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાના ભંગ બદલ ગુનો નોંધ્યો

ભરૂચઃ ભરૂચના લાલબજારમાં પોલીસે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાના ભંગ બદલ એક દુકાનના તેમજ એક મકાનના માલિક સામે ભાડુઆતની નોંધણી નહીં કરાવ્યા અંગેનો ગુનો નોંધ્યો છે.

ભરૂચના લાલબજાર ખલાસીવાડ મકાન નંબર B/૧૬૩૧-૧માં ભાડુઆત તરીકે સલીમ ઉસ્માન લશ્કર રહેતા હતા. તે મકાન માલિક રૂનાબેગમ બાબુલ શેખને મહીને રૂ.૨,૦૦૦/- ભાડુ આપે છે. મકાન માલિકની ભરૂચ પોલીસે પૂછપરછ કરતાં તેમણે ભાડાકરાર તેમજ નોંધણી નહીં કરીને હજુ સુધી ભાડુઆતના આઈડી પ્રૂફ, ફોટા તેમજ કોઈ ડોક્યુમેન્ટ સ્થાનિક પોલીસને જમા કરાવ્યા નથી,

જ્યારે બીજી ફરિયાદમાં લાલબજાર ખલાસીવાડ દુકાન નંબર C/૫૬૯૬માં છેલ્લા ૨૦ વર્ષથી મોહસીન ખલીલ શેખ ભાડુઆત તરીકે દુકાન ચલાવે છે. તેમણે પોલીસને જણાવ્યું હતું કે આ દુકાનાના માલિક ફરીદમીંયા હુશૈનમીંયા શેખને દર મહીને રૂ.૧૮૦૦/- ચુકવે છે. જે બાબતે મકાન માલિક ફરીદમીંયા શેખની પૂછપરછ કરતા તેમણે ભાડાકરાર કર્યા નથી અને મકાન માલિકે આજ દિન સુધી આઈડી પ્રૂફ, ફોટા કે કોઈ ડોક્યુમેન્ટ સ્થાનિક પોલીસમાં કોઈ ફોર્મ ભરીને નોંધણી કરી નથી. જે બાબતે બંને દુકાન/મકાન માલિકને ભરૂચ A ડિવિઝન દ્વારા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાં ભંગ બદલ IPC ૧૮૮ હેઠળ ગુનો નોંધીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

બીજી તરફ ભરૂચ SOG પોલીસે જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી ટાણે ભાડુઆતની પોલીસ નોંધણી નહીં કરાવી જાહેરનામા ભંગના કુલ ૧૪ ગુના નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની કાર્યવાહીથી ભાડુઆતની નોંધણી નહીં કરાવનાર મકાનમાલિકોમાં સળવળાટ ફેલાઈ ગયો છે.

**DATE: 02/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# ભરૂચ-અંકલેશ્વરમાં 14 મકાન-દુકાન સંચાલક સામે કાર્યવાહી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

લોકસભાની ચૂંટણીને લઈને શહેરોમાં ભાડેથી મકાન-દુકાનો રાખી શહેરોનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઈ કેટલાંક ગુનેગાર તત્વો અસામાજિક પ્રવૃત્તિને અંજામ આપતાં હોય છે.

જેના પગલે ભરૂચ શહેર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ગુનાખોરી નાબુદ કરવા ભરૂચ એસઓજી દ્વારા અલગ અલગ ટીમો બનાવી અલગ અલગ વિસ્તારમાં ચેકિંગ શરૂ કરી જે મકાન-દુકાનના માલિક દ્વારા તેની મિલકત ભાડેથી આપી હોવા છતાં તેના ભાડૂઆત અંગે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં નોંધણી કરાવી ન હોય તેની સામે કાર્યવાહી હાથ ધરી છે. જેના ભાગરૂપે ટીમે ભરૂચ એ ડિવિઝન પોલીસ વિસ્તારમાં 4, બી ડિવિઝન વિસ્તારમાં 5 તેમજ અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં 5 મળી કુલ 14 મકાન માલિકો સામે જાહેરનામા ભંગની ફરિયાદ નોંધાવી છે.

શ્રવણ વિદ્યાભવન, અંકલેશ્વર
શિક્ષકો જોઈએ છે
ગુજરાતી માધ્યમ (નોન ગ્રાન્ટેડ) શાળા ને વર્ષ-૨૦૨૪-૨૫ના વર્ષ માટે

**DATE: 03/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ભરૂચ જિલ્લામાં લોકસભાની ચૂંટણીને અનુલક્ષી ચેકિંગ સઘન બનાવાયું

# એક જ દિવસમાં 465 વાહનોને 1 લાખનો દંડ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા લોકસભાની ચૂંટણીને લઈને ખાસ વાહન ચેકિંગ ડ્રાઈવ યોજી હતી. જેમાં પોલીસે 465 કેસ કરી કુલ 1.09 લાખનો દંડ વસુલ કર્યો હતો.

ભરૂચ શહેર જિલ્લામાં આગામી દિવસોમાં યોજાનારી લોકસભાની સામાન્ય ચૂંટણીને લઈને શહેર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા વિવિધ પ્રકારની ડ્રાઈવ રાખવામાં આવી રહી છે જેના ભાગરૂપે જિલ્લામાં ખાસ વાહન ચેકિંગ ડ્રાઈવ રાખવામાં આવી હતી. જેમાં ભરૂચ જિલ્લાના તમામ પોલીસ મથકોની ટીમોએ તેમના વિસ્તારના મુખ્ય રસ્તાઓ પર ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં પોલીસ વાહન ચેકિંગમાં હેલમેટ, ચાલુ વાહને મોબાઈલ પર વાત કરવી, સીટ બેલ્ટ નહીં બાંધવી, રોંગ સાઈડ આવવું, ડ્રાઈવિંગ લાયસન્સ સહિતના અલગ અલગ પ્રાવધાનોને લઈને 465 વાહન કેસ કર્યાં હતાં. ઉપરાંત ઓવર સ્પિડના 10 તથા નો-પાર્કિંગના 4 કેસ કર્યાં હતાં. પોલીસે અલગ ઉલ્લંઘનોને લઈને કુલ 1.09 લાખનો દંડ વસુલ્યો હતો. મતદાન સુધી વાહનચેકિંગ ચાલુ રાખવામાં આવશે.

**DATE: 03/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

# ચેક રિટર્ન કેસમાં વોન્ટેડ રાજસ્થાનનો આરોપી ઝબ્બે

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

રાજસ્થાનના ભીનમાલમાં ચેક રિટર્નના કેસમાં છેલ્લાં 13 વર્ષથી ફારૂખખાન બાબુખાન પઠાણ છેલ્લાં ઘણા સમયથી ભરૂચમાં આવી સ્થાયી થયો હતો. ભરૂચના જંબુસર બાયપાસ રોડ પર આવેલાં ન્યૂ અમન બંગ્લોઝ ખાતે રહેતાં ફારૂખખાન પઠાણ વોન્ટેડ હોવા અંગેની માહિતી ભરૂચ પેરોલ ફર્લો સ્કવોર્ડને થતાં ટીમેતેને તના ઘરેથી ઝડપી પાડ્યો હતો. ટીમે તેને ભરૂચ બી ડિવિઝન પોલીસને સોંપતાં તેને રાજસ્થાન પોલીસને સોંપવાની કવાયત હાથ ધરી છે.

**DATE: 03/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# ઝઘડિયા ખાતે ગેરકાયદે ગેસ રીફિલીંગ કરતો શખ્સ ઝડપાયો

ઝઘડિયા,તા.૨

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકામાં ઘણા સ્થળોએ ગેસ રીફિલીંગનો જોખમી ધંધો ફુલ્યો ફાલ્યો હોવાની વ્યાપક ચર્ચા વચ્ચે થોડાસમય અગાઉ ઝઘડિયા જીઆઈડીસી વિસ્તારના દધેડા ગામેથી ગેસ રીફિલીંગ કૌભાંડ ઝડપાયું હતું. જ્યારે ગઈકાલે તા.૧ના રોજ ઝઘડિયા નગરમાં ગેસના મોટા બોટલમાંથી નાના બોટલમાં ગેસ ટ્રાન્સફર કરી ગેસ રીફિલીંગ કરનાર શખ્સને ઝઘડિયા પોલીસે ઝડપી પાડ્યો હતો.

## ગેસના મોટા સિલિન્ડરમાંથી નાના સિલિન્ડરમાં રીફિલીંગ સમયે જ પોલીસની એન્ટ્રી

ઝઘડિયા પોલીસનો સ્ટાફ ટાઉન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન કન્યાશાળા પાસે આવેલ સુરેશ ગેસ સર્વિસ નામની પતરાની કેબિનમાં એક શખ્સ મોટા બોટલમાંથી નાના બોટલોમાં ગેસ રીફિલીંગ કરી વેચાણ કરતો હોવાની બાતમી મળતાં પોલીસે ત્યાં જઈ તપાસ કરતા સ્થળ ઉપરથી ગેસના બોટલમાંથી નાની બોટલમાં રીફિલીંગ કરાતું મળી આવ્યું હતું. તેમજ ત્યાં હાજર શખ્સ પાસે ગેસની બોટલ રાખવા

તેમજ રીફિલીંગ કરવા બાબતનો કોઈ પરવાનો નહતો. પોલીસે તેની પૂછપરછ કરતાં તેણે પોતાનું નામ પિન્ટુકુમાર માંગીલાલ કાબરા (હાલ રહે.મેન બજાર, ટાવર રોડ, બજરંગ વાસણ ભંડાર, ઝઘડિયા, મુળ રહે.રાજસ્થાન)ની ધરપકડ કરી તેની વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.


**શેડ ભાડે આપવાનો છે.**

અંકલેશ્વર જીઆઈડીસ,
કામધેનુ ઈન્ડીસ્ટ્રીયલ એસ્ટેટ

**DATE: 04/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### નડિયાદ પોલીસની મદદથી ભેદ ઉકેલાયો

# આમોદની સગીરાને ભગાડી જનારો ઠાસરાથી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

આમોદ તાલુકામાં આવેલાં સરભાણ ગામે મજૂર કોલોનીમાં રહેતાં કિર્તન ઉર્ફે કિશન વસાવા નામના શખ્સે વર્ષ 2022માં એક સગીરાને ભગાડી ગયો હતો. જેના પગલે સગીરાના પરિવારે તેની સામે આમોદ પોલીસ મથકે પોક્સોની કલમ હેઠળ ફરિયાદ નોંધાવી હતી. અરસામાં આમોદ પોલીસને જાણ થઈ હતી કે, કિર્તન ઉર્ફે કિશન વસાવા સગીરાને સાથે ઠાસરાના બોરડી ગામે ઈન્દિરાનગરીમાં રહે છે. જેથી આમોદ પોલીસે ડાકોર પોલીસને સમગ્ર ઘટનાથી વાકેફ કરવા સાથે આરોપીની વિગતો તેમજ યુવતિની વિગતો આપતાં ત્યાંની ટીમે એક્ટીવ થઈ જે તે સ્થળ પર પહોંચી કિર્તન ઉર્ફે કિશન વસાવાની ધરપકડ કરી હતી.

### આરોપી પાંચ વર્ષથી નાસતો ફરતો હતો

# ગજેરાથી ઘરફોડ ચોરીના નાસતા ફરતો આરોપીને દબોચી લેવાયો

। જંબુસર ।

છેલ્લા પાંચ વર્ષથી ઘરફોડ ચોરીના નાસતા ફરતા આરોપીને કાવી પોલીસે જંબુસર તાલુકાના ગજેરા ગામેથી દબોચી લીધો હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે.કાવી પોલીસ મથકે થી પ્રાપ્ત માહિતી અનુસાર વિભાગીય પોલીસ અધિક્ષક પી.એલ ચૌધરી ધ્વારા મળેલ સુચના ના આધારે કાવી પોલીસ મથક ના પોલીસ સબ ઈન્સ્પેક્ટર વૈશાલી આહીર તથા અ.હેકો વિરભદ્રસિંહ જયવંતસિંહ બ.નં.૧૦૧૧ કાવી પોલીસ મથક મા નોંધાયેલ ગુના મા નાસતા ફરતા આરોપીઓ ની શોધખોળ આદરી હતી.તે દરમ્યાન અ.હેકો.વિરભદ્દિંસહ ને બાતમી મળેલ હતી કે કાવી પોલીસ મથક ખાતે નોંધાયેલ ઘરફોડ ચોરી ના ગુના નો પાંચ વર્ષ થી ધરપકડ થી બચવા નાસતો ફરતો જયંતીભાઈ નવઘણભાઈ વાઘેલા રહે.વત્રા તા. ખંભાત હાલ



જંબુસર તાલુકા ના ગજેરા ગામે છે.જે બાતમી ના આધારે પોલીસ સબ ઈન્સ્પેક્ટર વૈશાલી આહીર તથા સ્ટાફે ગજેરા ગામે છાપો મારી પાંચ વર્ષ થી ધરપકડ થી બચવા નાસતો ફરતો જયંતીભાઈ વાઘેલા ને દબોચી લઈ કાયદેસર ની કાર્યવાહી. હાથ ધરી છે.

**DATE: 05/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-12**

# અંકલેશ્વરમાં વાહનો ભાડે રાખી છેતરપિંડી આચરતાં ત્રણની ધઇરપકડ



અંકલેશ્વર: શહેર બી ડિવિઝન પોલીસે ભાડા કરાર કરી વાહનો ગીરો પેટે આપી છેતરપિંડીના ગુનામાં 3 આરોપીઓની ધરપકડ કરી 3 વાહનો જપ્ત કરવા સાથે કુલ 31 વાહનો રિકવર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથકના એક ગુના મુજબ આરોપીઓ વાહનો ભાડે રાખવાના બહાને ફરિયાદી તથા સાહેદોને વિશ્વાસમાં લઈ તેઓ પાસેથી અલગ અલગ વાહનોના ભાડા કરાર કરી વાહનો ગીરો પેટે આપી દઈ છેતરપિંડી આચરતા હતા. લોકો સાથે છેતરપિંડી આચરનાર મુખ્ય આરોપી જાવીદ ગુલામ હુસેન શેખ અને ફૈઝાન જાવીદ ગુલામ હુસેન શેખ સહિત અન્ય આરોપી ધર્મેશ પટેલની અંકલેશ્વર શહેર બી' ડિવિઝન પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી છે. આ સાથે જ પોલીસે 2 ઇકો કાર અને એક સ્વિફ્ટ કાર મળી કુલ 31 વાહનો રિકવર કરી ત્રણેય આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 05/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંકલેશ્વરમાંથી બે ખેપિયા ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર મહાવીર ટર્નીંગ નજીક લબરમુછીયા સહિત ઈસમો દારૂ ભરેલી બેગ લઈ ઉમા ભવન ફાટક પાસે રીક્ષાની રાહ જોઈએ ઉભા હોવાની બાતમી મળતાં પોલીસે દરોડો પાડયો હતો. જેમાં બંને ઈસમોને કોર્ડન કરી તેમની બેગ તપાસતાં તેમાંથી દારૂની 56 બોટલ મળી આવી હતી. જીતાલીના જીતેન્દ્રસિંગ અને મેદનીદીપ રાયની ધરપકડ કરી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 05/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

# દઢેડામાં મકાનો ભાડે આપી દેનારા 2 માલિકો સામે ફરિયાદ

ભાસ્કરન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા જીઆઇડીસી પોલીસે દધેડા બજારમાં આવેલ એક મકાનની રૂમો પર પ્રાંતિય ઇસમોને ભાડે આપેલ હોવાનું તેમજ આ બાબતે પોલીસ મથકે કોઇ જાણ કરેલ નહિ હોવાની માહિતી મળી હતી.

પોલીસે સદર મકાનના માલિક સંપથલાલ કુમાવત વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે દધેડા ગામે અન્ય એક મકાન માલિક નારાયણભાઇ રહે.દધેડા તા.ઝઘડિયાનાએ પણ પર પ્રાંતિય ઇસમોને પોલીસ નોંધણી વિના મકાન ભાડે આપેલ હોવાની ઝઘડિયા જીઆઇડીસી પોલીસને જાણ થતાં પોલીસે સદર મકાન માલિક વિરૂધ્ધ પણ ગુનો નોંધીને કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

### અંકલેશ્વરની એડિશનલ સેશન્સ કોર્ટે ચૂકાદો આપ્યો

# તવડી ગામે કુટુંબીની હત્યાના ગુનામાં આરોપી પિતા-પુત્રને આજીવન કેદ

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

ઝઘડિયા ના તવડી ગામે રહેતા જયંતીવસાવા 26 ડિસેમ્બર 2016 ના રોજ ગામ માં ફરીને આવું છું કહીને ઘરેથી નીકળ્યા હતાં બાદમાં તેઓ લાપત્તા બની ગયાં હતાં. તેની પત્ની ગામના જગા વસાવાના ઘરે તપાસ કરવા ગયા હતાં પણ પતિ મળી આવ્યાં ન હતાં.

બીજા દિવસે જયંતીનો મૃતદેહ ખેતરમાંથી મળી આવ્યો હતો. મૃતકના માથાના પાછળના ભાગે ઈજાઓ જોવા મળેલ હતી. જગા વસાવાના ઘરે તપાસ કરવામાં આવતાં રૂમના પાછળના ભાગે જમીન ઉપર છાણાથી લીપણ કરેલ હતું અને લોહીના ધબ્બા જોવા મળ્યાં હતાં. જયંતિને જગા સાથે કૌટુબિંક ઝગડો ચાલી રહયો હતો જેની રીસ રાખી જયંતિની હત્યા જગા વસાવાએ કરી હતી. તેણે તથા પુત્ર અજયે ભેગા મળી મૃતદેહને ઘરમાંથી ઘસડી જઈને ખેતરમાં નાખી દીધો હતો. ઉમલ્લા પોલીસ મથકમાં જગા વસાવા અને તેના પુત્ર અજય વસાવા વિરુદ્ધ નોંધાઈ હતી. પોલીસે બંને આરોપીઓ સામે ગુનો નોંધી તેમની ધરપકડ કરી કોર્ટમાં ચાર્જશીટ કરી હતી. આ કેસ અંકલેશ્વર નામદાર એડિશનલ સેશન્સ જજ વી.જે. કળોતરાની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ જે.બી.પંચાલની દલીલો ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપી પિતા અને પુત્રને આજીવન કેદની સજા અને રૂ.20 હજારના દંડ હુકમ કર્યો હતો. કોર્ટના ચુકાદાના પગલે ગુનેગાર આલમમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

**DATE: 06/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# મોટા જાંબુડાનો એક વર્ષથી ફરાર બૂટલેગર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | નેત્રંગ

નેત્રંગ તાલુકામાં ગુનાખોરી અટકાવવા માટે તેમજ વિદેશી દારૂનો વેપલો કરતા બુટલેગરોને ઝડપી પાડવા પોલીસે કમર કસી હતી .મોટા જાંબુડા ગામનો બુટલેગર પ્રોહિબિશનના પાંચ જેટલા ગુનામાં વોન્ટેડ હતો અને પોલીસ પકડથી દૂર હતો તેની ગતરોજ બાતમી મળતા નેત્રંગ પોલીસે તેને નેત્રંગ માંડવી નેશનલ હાઈવે રસ્તા પર ચાસવડ ચોકડી ઉપરથી દબોચી લીધો હતો.

# માંડવા ગામે ચાલતા જુગાર ધામ પર દરોડા પડ્યા

અંકલેશ્વર : અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે માંડવા ગામના દુર્લભ ટેકરી પાસેથી જુગાર રમતા બે જુગારીયાઓને ઝડપી પાડ્યા હતા. અંકલેશ્વર પોલીસના માર્ગદર્શન હેઠળ સ્ટાફ પેટ્રોલીંગમા હતો તે દરમિયાન બાતમી મળી હતી કે માંડવા ગામના દુર્લભ ટેકરી પાસે ખુલ્લી જગ્યામાં જુગારધામ ચાલી રહ્યું છે.આ બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા પોલીસે સ્થળ પરથી રોકડા મળી કુલ ૧૧ હજારથી વધુના મુદ્દામાલ સાથે ગામના દુર્લભ ટેકરીમાં રહેતો ફીરોજ નસરૂ મોગલ,નસરૂ અમીર મોગલને ઝડપી પાડ્યો હતો.

**DATE: 07/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### એકલ દોકલ વ્યકતિને બેસાડીને પાકિટ, મોબાઇલ અને રોકડ સહિતની ઉઠાંતરીમાં નિપૂણ

# ભરૂચમાં રીક્ષામાં બેસાડયાં બાદ મુસાફરોને લૂંટી લેતી ટોળકીના 3 સાગરિત સકંજામાં

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરમાં છેલ્લાં કેટલાંક સમયથી રીક્ષામાં મુસાફરોને બેસાડ્યાં બાદ તેમના ખિસ્સામાંથી રોકડા રૂપિયા, પાકિટ, મોબાઇલ સહિતની વસ્તુઓ ચોરી કરી જતી ટોળકી સક્રિય થઇ હતી. હાલમાં જ 3 એપ્રિલના રોજ જૂના તવરા ગામના ભલુ પિતામ્બર દેવીપુજક રેલવેસ્ટેશન પાસેથી રીક્ષામાં બેઠાં હતાં જેમાં બે મુસાફર પહેલેથી બેઠા હતાં અને મહંમદપુરા પાસે આવેલાં શાક્માર્કેટમાં જવા નિકળ્યાં હતાં. દરમિયાનમાં રીક્ષા ચાલકે ફ્રૂટ માર્કેટ-રોટરી ક્લબ સામે તેને ઉતારી દીધો હતો. અરસામાં તેમાણે તપાસ કરતાં તેમના ખિસ્સામાંથી 15 હજાર રૂપિયા ચોરાયાં હોવાનું માલુમ પડ્યું હતું. બીજી તરફ ગત 4થી એપ્રિલે ભરૂચની ઇન્દિરાનગર ઝૂપડપટ્ટીમાં રહેતાં રાજુ બાબુ વસાવા બપોરના સમયે શક્તિનાથ સર્કલ પર હતાં. દરમિયાનમાં તેઓ ઘરે આવવાના હોઇ એક રીક્ષામાં બેઠાં હતાં. જેમાં બે મુસાફર પહેલેથી હોઇ તેઓ રીક્ષામાં બેઠાંહ તાં. ભરૂચ ડેપોએ પહોંચતાં તેઓ ઉતર્યાં બાદ રીક્ષા જતી રહેતાં માલુમ પડ્યું હતું કે, તેમના ખિસ્સામાંથી 2 હજાર સહિત બીજા કાર્ડની ચોરી થઇ હતી.

બન્ને ઘટનાઓને લઇને પોલીસે તપાસ શરૂ કરતાં પીઆઇ યુ.વી. ગડરીયાએ સ્ટાફના માણસોને આ ટોળકીને ઝડપી પાડવા સૂચના આપી હતી.એ ડીવીઝન સર્વેલન્સના સ્ટાફે સુપર માર્કેટ સામે રોડ ઉપર રીક્ષા લઈ ઉભેલા કોસંબાની મુસ્લિમ સોસાયટીમાં રહેતો કાદર અબ્દુલ શેખ, અમીન હનીફ નાનાબાવા તેમજ ઇમરાન યાકુબ પટેલને પકડી પાડ્યા હતાં.પોલીસે તેમની પાસેથી ઓટો રીક્ષા,3 મોબાઈલ ફોન તેમજ રોકડા 18 સહિત કુલ 89 હજારના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા.

**DATE: 07/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### અંકલેશ્વરમાંથી દારૂનું ગોડાઉન મળ્યું હતું

# ગોડાઉન પ્રકરણમાં ફરાર ટંકારીયાનો બૂટલેગર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરની ક્રિસ્ટલ ચોકડી પાસે ગોડાઉન ભાડે રાખી તેમાં દારૂનો સંગ્રહ કરી અલગ અલગ બૂટલેગરો સુધી પહોંચાડવાના કૌભાંડમાં નાસતા ફરતાં ટંકારીયાનો બૂટલેગર આખરે સકંજામાં આવ્યો છે.

ક્રિસ્ટલ ચોકડી પર આવેલ એક ગોડાઉનમાંથી દારૂનો 19.23 લાખનો જથ્થા સાથે ગોડાઉનની રખેવાળી કરતાવાલિયા રામદાસ વસાવાને ઝડપી પાડ્યો હતા. નેત્રંગના કુખ્યાત બૂટલેગર અશોક માલી અને કેમિકલ ચોર લખીરામ ગિરિરાજ ગૌતમની સંડોવણી બહાર આવી હતી. ગુજરાતની બહારથી દારૂનો જથ્થો મંગાવીને તેને ગોડાઉનમાં સંગ્રહ કરવામાં આવતો હતો અને ત્યાંથી ઓર્ડર મુજબ સ્થાનિક બૂટલેગરોને આપવામાં આવતો હતો. આ કેસમાં ફરાર ટંકારીયાના ઈમરાન પટેલને તાજેતરમાં વ્યારા પોલીસે ઝડપી પાડયો હતો જેથી અંકલેશ્વર તાલુકા પોલીસે તેનો કબજો મેળવ્યો છે. આરોપીએ ગોડાઉનમાંથી 52 પેટી દારૂની મંગાવી હોવાનું તપાસમાં ખુલ્યું છે.

**DATE: 07/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# રાયોટીંગના ગુનામાં વોન્ટેડ બે આરોપી ગોવાલી ગામેથી ઝડપાયા

ઝઘડિયા તા.૬

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝઘડિયા પોલીસ મથકમાં નોંધાયેલા ગુના હેઠળ વોન્ટેડ બે શખ્સોને ઝડપી લીધા હતા.

## આરોપીને પકડી પાડી ઝઘડિયા પોલીસ મથકે સોંપ્યો

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝઘડિયા પોલીસ સ્ટેશનના રાયોટીંગના ગુનામાં વોન્ટેડ બે આરોપીઓને ગોવાલી ખાતેથી ઝડપી લીધા હતા.ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચ પીઆઈના માર્ગદર્શન હેઠળ આજે લોકલ ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઇ ટીમ સાથે ઝઘડિયા પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.

તે દરમિયાન બાતમીના આધારે ઝઘડિયા પોલીસ મથકમાં નોંધાયેલા ગુના હેઠળ નાસતા ફરતા આરોપીઓ મિતેશભાઈ જગદીશભાઈ ઠાકોર તથા દિપક ઉર્ફે દિપો મનહરભાઇ ઠાકોર બંને રહે. ગામ ગોવાલી તા.ઝઘડિયા જિ.ભરૂચના પોતાના ઘરે હાજર છે. લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે મળેલી બાતમી મુજબના સ્થળે જઈ ઝઘડિયા પોલીસ મથકના રાયોટીંગના ગુનામાં વોન્ટેડ આરોપીઓ મિતેશભાઈ જગદીશભાઈ ઠાકોર તથા દિપક ઉર્ફે દિપો મનહરભાઇ ઠાકોર બંને રહે.ગામ ગોવાલીને તેઓના ઘરેથી પકડી લઈ કાર્યવાહી માટે ઝઘડિયા પોલીસને સોંપ્યા હતા.

